
Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
લવાજમ અને જાહેરાતનો ચેક/ ડ્રાફ્ટ
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ
હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

# વિશ્વ સમાચાર સાપ્તાહિક




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 32 • Dt. 05-05-2025 • Monday • Rs.5-00 • • Page-4

### પાકિસ્તાન તરફ વહેતા ચિનાબ નદીના પાણીમાં ભારે ઘટાડો

# ભારતે ચિનાબ નદી પર આવેલો ડેમ બંધ કરી દીધો

## ચિનાબ જળસંધિ હેઠળ ઉલ્લેખિત છ નદીઓમાંથી એક છે : આ એક પશ્ચિમી નદી છે અને સંધિ મુજબ, ભારત આ નદીના પાણીનો ઉપયોગ જળવિદ્યુત ઉત્પાદન માટે કરી શકે છે



નવી દિલ્હી

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાન સામે કડક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. બંને દેશોની સેનાઓ સામસામે છે. હવે ભારતે ચિનાબ નદી પર આવેલો ડેમ બંધ કરી દીધો છે. સિંધુ જળસંધિ તોડ્યાના લગભગ ૧૦ દિવસની અંદર ભારત સરકારે આ પગલું ભર્યું છે. આનાથી પાકિસ્તાનના પંજાબ પ્રાંતને ચિનાબ નદીમાંથી મળતા પાણીના પુરવઠામાં મોટો ઘટાડો થઈ શકે છે. અહેવાલ અનુસાર, ભારતે ચિનાબ નદી પર બનેલા બગલીહાર ડેમના દરવાજા બંધ કરી દીધા છે. જેના કારણે પાકિસ્તાન તરફ વહેતા ચિનાબ નદીના પાણીમાં ભારે ઘટાડો થયો છે. ચિનાબ પરનો બગલીહાર ડેમ નદીના પ્રવાહમાં વહેતા હાઈડ્રો પાવર પ્લાન્ટ તરીકે બનાવવામાં આવ્યો હતો. એટલે કે અત્યાર સુધી આ બંધમાંથી પાણીનો પ્રવાહ રોકી રહ્યો ન હતો. પાણીના પ્રવાહમાં વિક્ષેપ પાડ્યા વિના વીજળી ઉત્પન્ન થઈ રહી હતી. ચિનાબ જળસંધિ હેઠળ ઉલ્લેખિત છ નદીઓમાંથી એક છે. આ એક પશ્ચિમી નદી છે અને સંધિ મુજબ, ભારત આ નદીના પાણીનો ઉપયોગ જળવિદ્યુત ઉત્પાદન માટે કરી શકે છે. અહેવાલો અનુસાર, પહલગામ હુમલા બાદથી જ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. સિંધુ સંધિ તથા વિઝા રદ થયા બાદ પણ અનેક મોટા નિર્ણય લેવામાં આવી રહ્યા છે. બંને દેશોએ એકબીજા માટે એરસ્પેસ બંધ કર્યું છે. એવામાં આજે ભારતે ત્રણ મોટા નિર્ણય લીધા છે. ત્યારે ભારત સરકારે નિર્ણય લીધો છે કે હવે પાકિસ્તાની ધ્વજ લહેરાવતા કોઈપણ વેપારી જહાજને ભારતીય બંદરોમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ ઉપરાંત ભારતીય જહાજોને પાકિસ્તાનના કોઈપણ બંદર પર જવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ આદેશ શિપિંગ મહાનિર્દેશાલય દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો. ભારત સરકાર દ્વારા પાકિસ્તાન સાથેની તમામ ટપાલ સેવાઓ તાત્કાલિક અસરથી સ્થગિત કરી દીધી છે. બંને દેશો વચ્ચે વધતાં તણાવ અને પાકિસ્તાનની સતત ઉશ્કેરણીજનક પ્રવૃત્તિઓ વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ભારતીય ટપાલ વિભાગે પુષ્ટિ આપી છે કે હવે પાકિસ્તાનમાં કોઈ પત્ર, પાર્સલ કે રજિસ્ટર્ડ પોસ્ટ મોકલવામાં આવશે નહીં અને ભારતમાં પાકિસ્તાનથી કોઈપણ ટપાલ સેવા સ્વીકારવામાં આવશે નહીં. અધિકારીઓએ જણાવ્યું હતું કે સુરક્ષા કારણો અને રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

બીજી તરફ ભારત સરકારે તાત્કાલિક અસરથી પાકિસ્તાનથી સીધા અથવા કોઈપણ રીતે આવતા તમામ પ્રકારના માલની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા બીજી મેના રોજ જારી કરાયેલા નોટિફિકેશન અનુસાર, આ નિર્ણયને વિદેશી વેપાર નીતિ - ૨૦૨૩માં સુધારો કરવામાં આવ્યો છે. આ પ્રતિબંધ હેઠળ, હવે પાકિસ્તાનથી આવતા કોઈપણ ઉત્પાદનની આયાત પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે, પછી ભલે તે સીધી આયાત હોય કે પરોક્ષ રીતે ત્રીજા દેશ દ્વારા આ પ્રતિબંધ ૨૦૨૩ની વિદેશ વેપાર નીતિમાં નવી જોગવાઈ તરીકે ઉમેરવામાં આવ્યો છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એક બાદ એક તાબડતોબ બેઠકો

નવી દિલ્હી

ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહે રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. બેઠકના થોડા સમય બાદ વાયુસેનાના પ્રમુખ પીએમ નિવાસસ્થાનથી રવાના થઈ ગયા હતા. જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત બાબતોની પૃષ્ઠભૂમિમાં આ બેઠક ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

આ પહેલા ગત શુક્રવારે નૌકાદળના પ્રમુખ એડમિરલ દિનેશ કે ત્રિપાઠીએ પણ વડાપ્રધાનને તેમના લોક કલ્યાણ માર્ગ પર આવેલા નિવાસસ્થાને મળ્યા હતા.



નૌકાદળના વડાએ પીએમ મોદી સાથે એક કલાક લાંબી બેઠક કરી હતી. જેમાં તેમણે નૌકાદળની વર્તમાન તૈયારીઓ અને તેમની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી.

પહલગામ આતંકવાદી હુમલા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન સામે સંભવિત લશ્કરી કાર્યવાહીની કમાન સંભાળી લીધી છે. તેઓ ત્રણેય સશસ્ત્ર દળોના પ્રમુખો સાથે અલગ- અલગ બેઠક કરી રહ્યા છે જેથી પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદીઓ સામે ભારતની સંભવિત કાર્યવાહીની રુપરેખા તૈયાર કરી શકાય.

પહેલીવાર ૨૯ એપ્રિલના રોજ વડાપ્રધાન મોદીએ સરંક્ષણ મંત્રી રાજનાથ સિંહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ અને ત્રણેય સેનાના વડાઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી.

# અમૃતસરમાં બે પાકિસ્તાની જાસૂસોની ધરપકડ કરાઈ

અમૃતસર

પહેલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન સાથે વધી રહેલા દુશ્મનાવટ વચ્ચે અમૃતસરમાં બે પાકિસ્તાની જાસૂસો પકડાયા છે. અમૃતસર ગ્રામીણ પોલીસે શેર મસીહ અને સૂરજ મસીહ નામના બે લોકોની ધરપકડ કરી છે, જેમના પર પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI ના એજન્ટ હોવાનો આરોપ છે.

આરોપી પાકિસ્તાની જાસૂસ અમૃતસરમાં રહીને ભારતીય સેના અને અમૃતસર એરબેઝ સંબંધિત માહિતી પાકિસ્તાનને પહોંચાડતો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓએ અમૃતસર જેલમાં બંધ હરપ્રીત સિંહ ઉર્ફે હેપ્પી દ્વારા આ લોકોનો સંપર્ક કર્યો હતો.

આરોપી સૂરજ મસીહ અને પલક શેર મસીહ અમૃતસરના બલહડવાલના રહેવાસી છે. પોલીસ તપાસમાં પુષ્ટિ થઈ છે કે બંને જાસૂસો પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI માટે કામ કરતા હતા.

આ ISI એજન્ટો ફોન દ્વારા સેનાની હિલચાલ અને અમૃતસર એરબેઝના ફોટા અને વીડિયો ISI ને મોકલી રહ્યા હતા. આ માટે તેને સિમ કાર્ડ અને ફોન આપવામાં આવ્યો હતો.

અમૃતસર પોલીસનું કહેવું છે કે આ મામલાની ગંભીરતાથી તપાસ કરવામાં આવી રહી છે. બંને આરોપીઓએ અત્યાર સુધી પાકિસ્તાનને કઈ માહિતી પૂરી પાડી છે અને તેની પાછળ તેમનો હેતુ શું હતો તેની તપાસ કરવામાં આવી રહી છે. આ કૃત્યમાં તેની સાથે અન્ય કોણ કોણ સંડોવાયું છે તે પણ શોધવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આ ISI એજન્ટો પાસેથી આર્મી કેન્ટોનમેન્ટ અને એરબેઝ વિશે માહિતી ધરાવતા દસ્તાવેજો મળી આવ્યા હતા અને કેટલાક ફોટોગ્રાફ્સ પણ મળી આવ્યા હતા. આ આરોપીઓના પાકિસ્તાન ગુપ્તચર એજન્સી સાથેના જોડાણની તપાસ કરવામાં આવી રહી છે.

## તંત્રીની કલમે.................

# જાતિ જનગણના : મંડલ રાજકારણ ૩.૦ની શરૂઆત?


Editor- Nilay H. Mehta

કેન્દ્રની મોદી સરકાર દ્વારા વિપક્ષના દબાણને કારણે આ વર્ષે દેશમાં જાતિ ગણના કરાવવાના નિર્ણયની સાથે જ મંડલ રાજકરાણ ૩.૦ની પણ શરૂઆત થઈ ગઈ છે. તેને લઈને સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે શ્રેય લેવાની હોડ જામી ગઈ છે, જ્યારે મોટો સવાલ એ છે કે આ ઐતિહાસિક નિર્ણયનો અંતિમ રાજકીય લાભ કોને મળશે? ભાજપનીત એનડીએને કે પછી કોંગ્રેસનીત ઈન્ડી ગઠબંધનને? જો બંનેને મળશે તો વધારે કોને મળશે? પરંતુ જાતિવાદી રાજકારણનો અસલી વિસ્ફોટ ત્યારે થશે, જ્યારે જાતિની સંખ્યાના આધાર પર રાજકીય અનામતની માંગ વેગવંતી બનશે. સરકારી નોકરી, શિક્ષણ અને રાજનીતિમાં જાતિની સંખ્યાના ાધાર પર વધુને વધુ અનામતની માંગને લઈને ઓબીસી જાતિઓની અંદર અંતઃસંઘર્ષ વધશે, કારણ કે સંખ્યાની દૃષ્ટિથી સર્વાધિક જાતિઓ આ જ વર્ગમાં છે. સાથે જ દેશમાં અનામતની અધિકતમ સીમા ૫૦ ટકાથી વધારી દેવાનું દબાણ પેદા થશે. ઓબીસી જાતિઓની સંખ્યા અને આબાદીના ખુલાસા બાદ કચરાટોપલીમાં પધરાવી દેવાયેલો રોહિણી પંચનો રિપોર્ટ લાગુ કરવાનું દબાણ પણ મોદી સરકાર પર વધશે. આ બધાથી ઉપર, એ પ્રશ્નનો જવાબ પણ શોધવામાં આવશે કે જાતિ ગણના કરાવવાથી ભાજપ અને સંઘની હિંદુ એકીકરણના અભિયાનને ભારે આઘાત પહોંચશે કે પછી આ અભિયાન જાતીય અસ્મિતાના આવરણમાં વધુ મજબૂત થશે? એમાં બેમત નહીં કે દેશમાં જાતિગણના કરાવવાનો મુદ્દો છેલ્લા ત્રણ દાયકાથી, જ્યારથી મંડલ-કમંડલ રાજનીતિ હાવી થઈ ત્યારથી કેન્દ્રમાં રહ્યો છે. આઝાદી બાદ દેશમાં થયેલ દરેક જનગણનામાં એસસી-એસટી વર્ગની ગણના તો થતી રહે છે, પરંતુ ઓબીસી સહિત આ તમામ જાતિઓની ગણનાથી સરકારો બચતી રહી છે. ત્યાં સુધી કે ડો.મનમોહન સિંહના નેતૃત્વવાળી યુપીએ-૨ સરકારે પણ ૨૦૧૧ની જનગણનામાં જાતિઓની સામાજિક આર્થિક ગણના કરાવી, પરંતુ તેનો ડેટા આજ સુધી બહાર નથી પાડવામાં આવ્યો.

કહેવામાં આવે છે કે આ જનગણનામાં ઓબીસી જાતિઓનો આટલો મોટો આંકડો સામે આવ્યં કે સરકારે તેને દબાવી દીધો. મોદી સરકારે પણ આ આંકડા ઉજાગર ન કરવામાં જ ભલાઈ સમજી અને જાતિ ગણનાની માંગ જોરશોરથી ઉઠાવનારા કોંગ્રેસી નેતા અને લોકસભામાં નેતા પ્રતિપક્ષ રાહુલ ગાંધીએ પણ આ માંગ ક્યારેય નથી કરી કે તેમની સરકાર દરમ્યાન જાતિઓની આર્થિક-સામાજિક ગણનાના આંકડા મોદી સરકાર તો જારી કરે. બેશક, પાકિસ્તાન સાથે ભારે તણાવ વચ્ચે રાહુલ ગાંધીએ મોદી સરકાર દ્વારા જનગણનાની સાથે જ જાતિગણના કરાવવાના નિર્ણયનું સ્વાગત કર્યું છે. તેમણે કહ્યું કે અમારા દબાણમાં જ સરકાર આ નિર્ણય લેવા મજબૂર થઈ છે, પરંતુ સરકાર આંકડા જારી કરવાની ટાઈમલાઈન પણ સ્પષ્ટ કરે. જ્યાં સુધી આ માંગને લઈને હિંદુ એક્તાની વાત કરનારા રાષ્ટ્રીય સ્વયંસેવકની વાત છે, તો તેણે ગત લોકસભા ચૂંટણીનાં પરિણામો બાદ કેરળના પલક્કડમાં આયોજિત બેઠકમાં જાતિગણનાને લીલી ઝંડી આપી દીધી હતી.

અસલમાં સંઘે પોતાના મંથનમાં એ જાણી લીધું હતું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને બહુમતીથી ૩૨ સીટો ઓછી મળવા પાછળ યુપી, બિહાર, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં કોંગ્રેસ, સપા, રાજદ વગેરે પક્ષો દ્વારા જાતિગણના કરાવવાની માંગને મોદી સરકાર દ્વારા ટાળવી એ જ મુખ્ય કારણ રહ્યું છે.

સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે ત્થા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક – યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com

### ચંડોળા તળાવમાં ગેરકાયદે વસાહત ઊભી કરી હતી

# અમદાવાદના કુખ્યાત લલ્લા બિહારીના છ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા

## લલ્લા બિહારીની ૪ પત્ની, દરેકના અલગ-અલગ ઘર



અમદાવાદ

અમદાવાદના લલ્લા બિહારીના કોર્ટે છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. ક્રાઈમ બ્રાન્ચે ૧૪ દિવસના રિમાન્ડની માગ કરી હતી. ખોટા દસ્તાવેજો ઊભા કરીને ગેરકાયદે વસાહત ઊભી કરી હતી. ચંડોળા તળાવમાં તેણે બાંગ્લાદેશીઓને ગેરકાયદેરીતે ઘુસાડ્યા હતા.

અમદાવાદમાં ગેરકાયદેરીતે આવેલા બાંગ્લાદેશીઓને આશરો આપનારા લલ્લા બિહારી ઉર્ફ મહમૂદ પઠાણની રાજસ્થાનના બાંસવાડાથી ધરપકડ કરાઈ હતી. તે બાંગ્લાદેશીઓ માટે મદદગાર હતો. તે ગુજરાતમાં તેના બનાવટી ડોક્યૂમેન્ટ બનાવી આપતો હતો. અમદાવાદ મહાનગરપાલિકાએ ૨૯ એપ્રિલે ચંડોળા તળાવ આસપાસમાં કબજો કરાયેલી બાંગ્લાદેશીઓની વસાહત અને લલ્લા બિહારીના ફાર્મહાઉસને ૭૦ બુલડોઝર ચલાવીને તોડી દેવાયા હતા. ત્યારબાદ લલ્લા બિહાર ભાગીને રાજસ્થાનમાં છૂપાઈ ગયો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે શુક્રવારે તેને બાંસવાડાના સલ્લોપાટ વિસ્તારમાં મોટી ઝેર ગામથી ઝડપી લીધો હતો. ત્યારબાદ તેને અમદાવાદ લવાયો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, ટેક્નિકલ પુરાવાના આધારે લલ્લા બિહારીની ધરપકડ કરવામાં આવી છે. તેની સામે બે કેસ નોંધાયેલા છે.

સ્થાનિક નેતાઓએ દસ્તાવેજો માટે નકલી લેટર પેડ બનાવડાવ્યા હોવાનું પ્રકાશમાં આવ્યું છે, આ મામલાની પણ તપાસ કરવામાં આવશે. હવે બાંગ્લાદેશીઓ માટે ચાલતા સમગ્ર રેકેટની સાચી વિગતો બહાર આવશે. તેમના પુત્ર ફતેહ મોહમ્મદની ગુજરાતમાં ધરપકડ થઈ ચૂકી છે.

લલ્લા બિહારીના પુત્ર ફતેહ મોહમ્મદની પૂછપરછ દરમિયાન પોલીસને માહિતી મળી કે લલ્લા બિહારીના ૫ સરનામાં છે. તે પાંચ ઘરમાં ચાર પત્નીઓ સાથે રહેતો હતો. પાંચેય ઘરોમાંથી અનેક બેંક ખાતાઓની માહિતી અને મોટી સંખ્યામાં બિલ બુક પણ જપ્ત કરવામાં આવી છે. દાણીલીમડા વિસ્તારમાં નૂર અહમદી સોસાયટીમાં સ્થિત તેના એક ઘરમાંથી પૈસા ગણવાનું મશીન અને ભાડાની રસીદોના સેંકડો બંડલ પણ મળી આવ્યા હતા. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે લલ્લા બિહારી બાંગ્લાદેશથી ગુપ્ત રીતે સરહદ પાર કરનારાઓને મદદ કરતા હતા. તેણે તેમને નકલી દસ્તાવેજો અને કામ પણ પૂરું પાડ્યું. બદલામાં તે કોલોનીમાં ભાડા પર મકાનો આપતો હતો. તે ભાડામાંથી ૧૦ થી ૧૨ લાખ રૂપિયા કમાતો હતો.

### ખેતરમાં ઝાડ પર લટકતી મળી લાશ

# પંચમહાલમાં પ્રેમી પંખીડાએ સજોડે આપઘાત કરતા ચકચાર

## ઘટનાને પગલે યુવક-યુવતીના પરિવારજનોએ આક્રંદ કર્યો હતો પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે

પંચમહાલ

પંચમહાલ જિલ્લામાં આવેલા શહેરા તાલુકાના દલવાડા ગામમાં પ્રેમી પંખીડાએ ગળાફાંસો ખાઈને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. પ્રેમી પંખીડાએ આપઘાત કર્યો હોવાની માહિતીને પગલે આસપાસમાંથી લોકોના ટોળા એકત્ર થયા હતા. ઘટનાને પગલે યુવક-યુવતીના પરિવારજનોએ આક્રંદ કર્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.





પ્રાપ્ત માહિતી અનુસાર શહેર તાલુકાના દલવાડા ગામે ૨૦ વર્ષીય પ્રેમી પંખીડાએ સજોડે આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. દલગાડા ગામે એક જ ફળિયામાં રહેતા ૨૦ વર્ષીય યુવક-યુવતીને એકબીજા સાથે પ્રેમસંબંધ હતો. યુવક-યુવતી સાથે રહી શકે તેમ ન હોવાથી બંને ગામના ખેતરમાં ઝાડ પર લટકી જીવનનો અંત આણ્યો હતો. આપઘાતના બનાવની જાણ થતાં યુવક અને યુવતીના પરિવારજનો અને સ્થાનિકો ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

આપઘાતના બનાવની પોલીસને જાણ કરતાં પોલીસે પણ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે બંનેની લાશ ઝાડ પરથી નીચે ઉતારી હતી પંચનામાની કાર્યવાહી કરી હતી. ત્યારબાદ બંનેના મૃતદેહોને શહેરા રેફરલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા હતા.

### સુરતની મોડલના આપઘાત કેસમાં નવો વળાંક

# લિવ ઈનમાં રહેતી હોવાની નવી થીયરી આવી સામે

## ૧૯ વર્ષીય મોડલનો ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો



સુરત

સુરતમાં ૧૯ વર્ષીય મોડલ યુવતીના આપઘાતનું રહસ્ય ઘેરાઈ રહ્યું છે. યુવતીએ વીડિયો કોલ ચાલુ રાખી ફાંસો ખાધો હોવાની શંકા છે. તેના પિતાએ કહ્યું કે, તેમને બે યુવક અને યુવતી પર શંકા છે. તેઓએ બબલીએ મારી નાખવાની ધમકી આપી હતી. તો બીજી તરફ, યુવતી લિવ ઈન રિલેશનશિપમાં રહેતી હોવાની અટકળો છે.

મૂળ મધ્યપ્રદેશ અને સારોલી કુંભારિયા ગામમાં આવેલા સારથી રેસીડેન્સીના **D 304** ઘરમાં **PG** તરીકે ૧૯ વર્ષીય સુખપ્રીત લખવિંદરસિંહ કૌર અન્ય ત્રણ બહેનપણી સાથે રહેતી હતી અને તેનો પરિવાર વતનમાં રહે છે. સુખપ્રીત મોડેલિંગનું કામ કરતી હતી. સુખપ્રીતની સાથે રહેતી તેની બહેનપણીઓ પણ મોડેલિંગનું કામ કરે છે.

સુખપ્રીત ચાર-પાંચ દિવસ પહેલા જ સુરતના સારોલી ખાતે મોડેલિંગનું કામ અર્થે આવી હતી. ત્યારે ગતરોજ અચાનક સુખપ્રીતે ઘરે બેડરૂમમાં છતમાં લગાવેલ પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બહેનપણી ઘરે આવતા સુખપ્રીતને લટકેલી હાલતમાં જોતા સમગ્ર ઘટનાની જાણ થઈ હતી.

મધ્યપ્રદેશની મોડેલિંગ કરતી સુખપ્રીત કૌર સુરતમાં ટેક્સટાઈલ માર્કેટના વેપારીઓનું મોડલિંગ શૂટ કરતી હતી. ગતરોજ તેણે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સુરતની મોડલ સુખપ્રિત કૌરના આપઘાત બાદ તેના પરિવારજનો સુરત સિવિલ હોસ્પિટલ પહોંચ્યા છે. ત્યારે પરિવારજનોએ ન્યાયની માંગ કરી છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે, મોડલે આપઘાત કર્યો તેના એક દિવસ પહેલા જ વીડિયો કોલ પર પરિવાર સાથે વાત કરી હતી. સુખપ્રીતને કામના પેમેન્ટ અન્ય કોઈ વ્યક્તિ લઈ જતું હોવાની પરિવારને આશંકા છે. દિલ્હીનો કોઈ યુવક સુખપ્રીતને કામનું જે પેમેન્ટ મળતું હતું તે પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરતો હતો.

આપઘાત પાછળ પરિવારને કેટલાક વ્યક્તિ પર શંકા ઉપજી છે. દિલ્હીના એક અનુરાગ કરીને યુવક પર પરિવારને આશંકા છે. આપઘાત પહેલા તેણે આ યુવક સાથે વાત કરી હોવાની પરિવારના શંકા છે.

સુખપ્રીતે સુરત આવા પહેલા દિલ્હી ખાતે મોડેલિંગનું કામ કર્યું હતું અને તેનું પેમેન્ટ પણ તે આપતો ન હતો અને ત્યારબાદ હવે તે ફોન પણ ઉચકતો નથી. આ ઉપરાંત એમપીનો એક અન્ય વ્યક્તિ સાથે જ તેની સાથે કામ કરતી બબલી નામની યુવતી પણ અવારનવાર તેને ધમકી આપતી હતી જેને લઈ પરિવારને આ ત્રણ ઉપર શંકા છે જેની વિગત પણ પોલીસને તેમણે જણાવી છે.

તો બીજી તરફ, મોડલ કોઈ સાથે લિવ ઈનમાં રહેતી હોય તેવી શંકા પણ છે, તેથી આ બાબતે પોલીસ તપાસ કરશે. હાલ મોડલની સાથી યુવતીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. મોડેલના બે મોબાઈલ કબ્જે કરી **FSL** માં મોકલવામાં આવશે.

### બોર્ડની વેબસાઈટ પર જોઈ શકશે રિઝલ્ટ

# આજે ધોરણ ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ થશે જાહેર

## ૮:૦૦ વાગે વેબસાઈટ પર પરિણામ જોઈ શકાશે



અમદાવાદ

આવતીકાલે એટલે કે, સોમવારે ધોરણ ૧૨નું પરિણામ જાહેર થશે.આવતીકાલે ધોરણ ૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થવાનું છે. જેથી આવતીકાલે સવારે ૮:૦૦ વાગે વેબસાઈટ પર પરિણામ જોઈ શકાશે.

ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર છે. બોર્ડની પરીક્ષા આપ્યા બાદ પરિણામની રાહ જોઈ રહેલા વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવી જશે. વિદ્યાર્થીઓ સત્તાવાર વેબસાઈટ **gseb** પર જોઈ શકશે પરિણામ.

મળતી માહિતી અનુસાર, આવતીકાલે સોમવારે ધોરણ ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના પરિણામની સાથે ગુજ-કેટનું પરિણામ પણ જાહેર કરવામાં આવશે.

આ વખતે ધોરણ ૧૨ સાયન્સ તેમજ વિજ્ઞાન પ્રવાહનું ગત વર્ષ કરતાં પણ જલ્દી પરિણામ જાહેર કરવામાં આવશે. જલ્દી પરિણામ આવી જતા વિદ્યાર્થીઓને પ્રવેશ સંબંધી સમસ્યાઓ જલ્દી સમાપ્ત થઈ જશે.

રાજ્યના શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે આ અંગે માહિતી આપી છે. તેમણે ઠ પર પોસ્ટ કરીને લખ્યું છે કે, ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫માં યોજાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, ગુજકેટ-૨૦૨૫ અને સંસ્કૃત મધ્યમાની પરીક્ષાનું પરિણામ તા.૫/૫/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે જાહેર કરવામાં આવશે.

ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫ માં યોજાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, ગુજકેટ-૨૦૨૫ અને સંસ્કૃત મધ્યમાની પરીક્ષાનું પરિણામ તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ તેઓનું પરિણામ બોર્ડની વેબસાઈટ **http://gseb.org** પર પોતાનો બેઠક ક્રમાંક **(Seat Number) Enter** કરી મેળવી શકશે તથા **WhatsApp Number 6357300971** પર પણ પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે.

### ગુજરાતમાં ભરઉનાળે વરસાદી અષાઢ જેવો માહોલ

# આગામી સાત દિવસ માટે વરસાદ અને વંટોળની આગાહી

## અનેક વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટ, 60 kmph પવનની શક્યતા



અમદાવાદ

ગુજરાતમાં આજે અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. આ સાથે ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદની સાથે વંટોળ સાથે કરા પડ્યા છે. આજે વૈશાખમાં અષાઢ જેવો માહોલ સર્જાયો છે. જાણે ઉનાળો અચાનક ગાયબ થઈ ગયો અને ચોમાસાની ઋતુ આવી ગઈ હોય. ત્યારે આગામી સાત દિવસ ગુજરાતનું હવામાન કેવું રહેશે તે અંગેની હવામાન વિભાગની આગાહી જોઈએ.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક, રામાશ્રય યાદવે ગુજરાતનું હવામાન આગામી સાત દિવસ કેવું વાતાવરણ રહેશે તે અંગે જણાવ્યું છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, હાલ સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતા વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, આજે ચોથી તારીખે બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, અરવલ્લી, પાટણ, મહેસાણા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુરમાં તથા કચ્છ, મોરબી, રાજકોટ, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, ભાવનગરમાં ઓરેન્જ એલર્ટ છે. અહીં ગાજવીજ સાથે કરા પડવાની ચેતવણી છે. આજે ૬૦ **kmph** ની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.

રવિવારે દ્વારકા, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડમાં છૂટાછવાયા સ્થળો પર મેઘગર્જનાની ચેતવણી આપવામાં આવી છે. આજે તમામ જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી હતી.

સોમવારે સામાન્ય વીજળીના કડાકાની વોર્નિંગ છે. બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, અરવલ્લી, પાટણ, મહેસાણા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુરમાં તથા કચ્છ, મોરબી, રાજકોટ, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, ભાવનગરમાં ઓરેન્જ એલર્ટ છે. અહીં ગાજવીજ સાથે કરા પડવાની ચેતવણી છે. આજે ૬૦ ક્લિર ની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.

પાંચમી તારીખે દ્વારકા, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડમાં છૂટાછવાયા સ્થળો પર મેઘગર્જનાની ચેતવણી આપવામાં આવી છે. મંગળવારે કેટલાક વિસ્તારોમાં તીવ્ર મેઘગર્જનાની ચેતવણી આપવામાં આવી છે. આ સાથે ત્યાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આ ઉપરાંતના વિસ્તારોમાં મેઘગર્જનાનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. સાતમી તારીખે દ્વારકા, રાજકોટ, જુનાગઢ, અમરેલી, ભાવનગર, આણંદ, વડોદરામાં, ભરૂચ, નર્મદામાં અતિભારે વરસાદ થવાની આગાહી છે. આઠમી તારીખે ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, ભરૂચ અને નર્મદામાં ભારે વરસાદ થવાની આગાહી આપવામાં આવી છે.

## ગુજરાતના ખેડૂતોને મોટું નુકસાન

# વાવાઝોડાએ કંગાળ કર્યા! ૫૦૦ ઝાડ પરથી કેસર કેરી ખરી પડી

### ૫૦૦ કેસર કેરીના આંબાવાડીમાં રહેલા આંબાના ઝાડ પરથી ભારે પવનના કારણે કેરીઓ પડી જતા નુકસાન



બનાસકાંઠા : અનેક વિસ્તારોમાં મોડી રાત્રે ભારે પવન સાથે પડેલા કમોસમી વરસાદે ખેડૂતોના ઉનાળું પાકને નુકસાન પહોચાડ્યું છે. પાલનપુરમાં પડેલા પવન સાથેના કમોસમી વરસાદથી ૫૦૦ કેસર કેરીના આંબાવાડીમાં રહેલા આંબાના ઝાડ પરથી ભારે પવનના કારણે કેરીઓ પડી જતા આંબાની વાડી ઉધડ રાખનાર વ્યક્તિને મોટું નુકસાન પહોંચતા સરકાર પાસે સહાયની માંગ કરાઈ છે. હવામાન વિભાગની આગાહીના પગલે બનાસકાંઠાના થરાદ,ડીસા,ધાનેરા,દાંતીવાડા, અમીરગઢ, વડગામ અને પાલનપુરમાં મોડી રાત્રે ભારે પવન અને વીજળીના કડાકા ભડાકા સાથે કમોસમી વરસાદ વરસતા ખેડૂતોના બાજરી,જુવાર પાકોને નુકસાન પહોંચ્યું છે. પાલનપુરમાં પડેલા ભારે પવન સાથેના વરસાદે આંબાવાડીમાં ઉભેલા ૫૦૦ કેસર કેરીના ઝાડ ઉપરથી કેરીઓ નીચે પાડી દેતા આંબાવાડી ઉધડ રાખનાર વિશાલભાઈ પટનીને મોટું નુકસાન પહોંચ્યું છે. વિશાલ પટનીનું કહેવું છે કે "અમે ૮ લાખ રૂપિયા આપીને ૫૦૦ કેસર કેરીના આંબા ઉધડ રાખ્યા હતા અને અમને આશા હતી કે આમાંથી અમને ૧૫ લાખ રૂપિયાની કેરીઓ ઉતરશે, જોકે આંબાઓ ઉપર કેરીઓ પણ સારી આવી હતી પરંતુ ગઈકાલે મોડી રાત્રે ભારે પવન સાથે વરસાદ પડતાં તમામ આંબાની કેરીઓ નીચે પડી ગઈ છે અને અમને ૧૫ લાખ રૂપિયાનું નુકસાન થયું છે. હવે સરકાર અમને યોગ્ય સહાય આપે નહિ તો અમે દેવાદાર બની જઈશું." બીજી તરફ કમોસમી માવઠાએ અમીરગઢ પંથક બાજરીના પાકને નુકસાન પહોંચાડયું છે. બાજરીના પાકો ભારે ભારે પવનના કારણે આડી થઈ જતા ખેડૂતોને માથે હાથ દઈને રોવાનો વારો આવ્યો છે. દાંતીવાડા તાલુકાના પાંથાવાડા માર્કેટયાર્ડમાં પણ બેદરકારી આવી સામે આવી હતી. હવામાન વિભાગની આગાહી હોવા છતાં ખેડૂતોની જણસી ખુલ્લામાં મૂકતા પલળી ગઈ હતી. એરંડા અને રાયડાની ૫૦૦થી વધુ બોરીની જણસી પણ વરસાદમાં પલળતા ખેડૂતને માથે હાથ દઈને રોવાનો વારો આવ્યો છે.

## બનાસકાંઠામાં કરા સાથે વરસાદ પડતા શક્કરટેટીનો પાક બગડ્યો

બનાસકાંઠા

કમોસમી વરસાદે બનાસકાંઠા જિલ્લા ખેડૂતોના મોઢામાં આવેલ કોળિયો છીનવ્યો છે. શનિવારે રાત્રીના પડેલા કરા સાથે વરસાદના લીધે શક્કરટેટીના પાકને નુકસાન પહોંચ્યું છે. અમીરગઢ તાલુકાના ઈકબાલગઢના ખેડૂતને ૧૮ વીઘા શક્કર ટેટીના પાકને નુકસાન પહોંચતા ખેડૂત મુશ્કેલીમાં મુકાયો છે. આ સાથે ગુજરાતમાં જ્યાં જ્યાં વરસાદ પડ્યો છે ત્યાંના ખેડૂતો પણ માથે હાથ દઈને બેઠા છે. ઈકબાલ ગઢના મુકેશભાઈ માળી નામના ખેડૂતે ૧૮ વીઘામાં ટેટીનું વાવેતર કર્યું હતું. કરા સાથે પડેલા કમોસમી વરસાદના લીધે શક્કરટેટી બગડી જતા ૮થી ૧૦ લાખનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ખેડૂતની માંગ છે કે, સરકાર સર્વે કરાવીને નુકસાનનું વળતર આપે. નોંધનીય છે કે, આજે વહેલી સવારથી જ ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. આ સાથે વંટોળ અને કરા પણ પડ્યા છે. જેના કારણે જગતના તાતના માથે ચિંતાના વાદળો છવાયા છે. મોડી રાતે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને પાલનપુરમાં વીજળીના કડાકા ભડાકા સાથે કરા પડ્યા છે. આ સાથે અમદાવાદના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાતોએ ગુજરાતમાં આ સપ્તાહ વંટોળ, વરસાદ અને કરા પડવાની આગાહી કરી છે. તો કેટલાક વિસ્તારોમાં તો ભારે વરસાદની આગાહી પણ આપવામાં આવી છે. બનાસકાંઠાના ઘણા ભાગોમાં મોડી રાતે કમોસમી વરસાદ સાથે ગાજવીજ સાથે કરા પડ્યા છે. પાલનપુર, દાંતીવાડા, ધાનેરા, થરાદ સહિત રાજસ્થાનને અડીને આવેલા તાલુકામાં કમોસમી વરસાદ ખાબક્યો છે. બનાસકાંઠામાં મોડી રાતે ધોધમાર કમોસમી વરસાદ વરસતા બનાસકાંઠાના ઘણા તાલુકાઓમાં ચોમાસા જેવો માહોલ સર્જાયો છે.

રાત્રે ૧૨થી બે વાગ્યા સુધી દાંતીવાડામાં ૧૮ મિમિ વરસાદ થયો છે. તેજ પવન અને વીજળીના કડાકાભડાકા સાથે માવઠું થયું છે. લગ્નગાળાની સિઝનમાં માવઠું થતા લોકોને હાલાકી પડી છે. માવઠાથી ખેતીના પાકને નુકસાનની ભીતિ છે.

## હર્ષ સંઘવીએ બંગાળ સરકાર પર નિશાન સાધ્યું

# બાંગ્લાદેશીઓ ભારતના નાગરિક બની જાય તેના માટે બંગાળ સરકાર જવાબદાર

### બંગાળમાંથી નકલી ડોક્યુમેન્ટના આધારે બાંગ્લાદેશીઓ ભારતના નાગરિક બની જાય છે : ગૃહરાજ્યમંત્રી



અમદાવાદ

બાંગ્લાદેશી ઘૂસણખોરો મુદ્દે હર્ષ સંઘવીએ જણાવ્યુ કે બાંગ્લાદેશી ઘૂસણખોરો ભારતમાં આવીને ભારતના નાગરિક બની જાય છે તેની પાછળ બીજુ કોઈ નહીં પરંતુ ખુદ બંગાળની મમતા સરકાર જવાબદાર છે. બંગાળમાંથી નકલી ડોક્યુમેન્ટના આધારે બાંગ્લાદેશીઓ ભારતના નાગરિક બની જાય છે. ગુજરાત પોલીસની ત્રણ ટીમ બંગાળમાં કામ કરી રહી છે . જે લોકો કાયદેસર રીતે રહે છે તેમને કોઈ તકલિફ નહીં પડે.

બાંગ્લાદેશી ઘૂસણખોરો મદદ કરનારાઓને હર્ષ સંઘવીએ ચેતવણીના સૂરમાં જણાવ્યુ છે કે હજુ તો આ શરૂઆતના મહોરા ઝડપાયા છે. આગામી સમયમાં બીજા લોકોનો વારો આવશે. ગેરકાયદે વસેલા લોકોને પહેલા તો નોકરી જ નહીં મળે. બાંગ્લાદેશીઓને ગેરકાયદે રીતે નોકરી આપનારાઓ સામે કાર્યવાહી થશે. તેમણે કહ્યુ કે આ ઘૂસણખોરોને લાવનારા એજન્ટો ન માત્ર ગુજરાત પરંતુ દેશ છોડીને ભાગી છૂટ્યા છે. ગુજરાતમાં ઘૂસણખોરો સામે કાર્યવાહી મુદ્દે ગૃહરાજ્યમંત્રીએ મોટુ નિવેદન આપતા જણાવ્યુ કે એકપણ બાંગ્લાદેશીને છોડવામાં નહીં આવે. બાંગ્લાદેશી ઘૂસણખોરોને શોધી-શોધીને તેમને ડિપોર્ટ કરવામાં આવશે.

ચંડોળા તળાવના ડિમોલિશન અંગે તેમણે જણાવ્યુ કે હાલ તળાવનું કામ ૩ ફેઝમાં ચાલી રહ્યું છે, જેમા પ્રથમ ફેઝમાં ૧.૫ લાખ ચોરસ મીટર જગ્યા ખાલી કરવામાં આવી છે. બીજા ફેઝમાં જમીન પર કબજો કરનારા અસામાજિક તત્ત્વો સામે કાર્યવાહી થશે. તળાવની આસપાસમાં ઉભા કરી દેવાયેલા ઝૂંપડાઓમાં પણ સર્વેની કામગીરી ચાલુ છે.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).